# ગુજરાત વિધાનસભાની કામગીરી બનશે પેપરલેસ

**નેશનલ ઇ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે : ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીઃ ગુજરાત વિધાનસભા ખાતે ધારાસભ્યો માટે નેશનલ ઇ-વિધાન એપ્લિકેશન-NEVAની ચાર દિવસીય તાલીમ વર્કશોપનો શુભારંભ**







ગાંધીનગર, તા. ૨૯

વિધાનસભા સત્ર સહિતની સંપુર્ણ કામગીરી પેપરલેસ કરી ડિજિટાઈઝ બનાવવા ગુજરાત વિધાનસભા સજ્જ થઈ ગયું છે. આગામી તા. ૧૩મી સપ્ટેમ્બરથી યોજાનાર વિધાનસભાનું ચોમાસુ સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. જે અંતર્ગત રાજયના તમામ ધારાસભ્યશ્રીઓને નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-NEVAની તાલીમ આપવાની કામગીરી આજથી શરૂ કરવામાં આવી છે. ગુજરાત વિધાનસભા ખાતે ધારાસભ્યોશ્રીઓ માટે ચાર દિવસીય તાલીમ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ વર્કશોપ ખુલ્લો મુકતા જણાવ્યું હતું કે, 'વન નેશન વન એપ્લિકેશન'ની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની કલ્પના અનુસંધાને ગુજરાત વિધાનસભાને પેપરલેસ બનાવવાની દિશામાં આજે ગુજરાતે મક્કમ પગલું ભર્યું છે. નેશનલ ઈ-વિધાન એપ્લિકેશનના ઉપયોગ થકી આગામી વિધાનસભાનું ચોમાસુ સત્ર ચાલશે. રાજયના તમામ ધારાસભ્યશ્રીઓ ટેબલેટની મદદથી ટેકનોલોજી આધારિત સમગ્ર કામગીરીમાં જોડાશે અને તે માટે આજથી તમામ ધારાસભ્યશ્રીઓને તાલીમબદ્ધ કરવામાં આવશે. ભવિષ્યમાં આ એપ્લિકેશનનો વ્યાપ વધારી તેની સાથે રાજયના નાગરિકોને જોડી પ્રજાલક્ષી કાર્યો તથા પ્રશ્નોનું ડિજીટલી ત્વરીત નિરાકરણ લાવવા માટેના પ્રયત્નો હાથ ધરાશે. એટલુ જ નહિ, વિધાનસભા કામગીરી સાથે જોડાયેલી તમામ બાબતોને આ એપ્લિકેશનમાં આવરી લઈ ધારાસભ્યશ્રીઓ પણ આંગળીના ટેરવે તમામ માહિતી મેળવી શકશે. ઉપરાંત, ગૃહમાં આવેલા પ્રસ્તાવ પર પોતાનો મત તથા તેમની હાજરી પણ એપ્લિકેશનના માધ્યમથી આપી શકશે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સાયન્સ અને ટેકનોલોજી વિભાગ દ્વારા કરાયેલી ટેબલેટની ઝડપી ખરીદી સહિતની કામગીરી બદલ આભાર વ્યક્ત કરી અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ વિધાનસભાના અધિકારીશ્રી તથા કર્મચારીશ્રીઓને પણ સમગ્ર વ્યવસ્થાઓ ત્વરિત ઉભી કરવા બદલ અભિનંદન આપ્યા હતા.

વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના ડિજીટલ ઈન્ડીયાના સપનાને સાર્થક કરવાની દિશામાં ગુજરાત વિધાનસભા નવતર પહેલ કરવા જઈ રહી છે. આગામી મહિનામાં ગુજરાત વિધાનસભાનું ચોમાસું સત્ર સંપૂર્ણપણે પેપરલેસ હશે. જે સંદર્ભમાં નેશનલ ઈ-વિધાન એપ્લિકેશન-NEVAની તાલીમ આપવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે વિધાનસભાના સભ્યશ્રીઓ તથા સચિવશ્રી તેમજ વિધાનસભાના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**હે ગુરુજી.... જેલમાં ગુનેગારને રક્ષા બાંધવાથી એ લોકોની પોલીસથી રક્ષા થાય કે આપણી ગુનેગારોથી...??**



સીનીયર સિટીઝન બર્થડે ગ્રુપ ગાંધીનગર દ્વારા વિવિધ સામાજિક પ્રવુતિ દર મહિને સમૂહ જનમોત્સવ ધાર્મિક સ્થળોનો પ્રવાસ સહિત આજે સવારે જોવાલાયક પિક્ચર ગદર ટુ નિહાળવા વડીલોએ સેક્ટર ૧૬ ખાતે સમૂહમાં નિહાળી ખુબ આનંદિત બન્યાં

## કલ્પતરૂ કંપનીના મીડલ મેનેજમેન્ટ માટે લીન ફંડામેન્ટલ ટ્રેનિંગનું આયોજન



ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર ખાતે આવેલી કલ્પતરૂ ઈન્ટરનેશનલ પ્રોજેકટ લિમિટેડ એ વિશ્વ ખ્યાતનામ કંપની છે. રિયલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ અને પાવર ટ્રાન્સમિશન ક્ષેત્રે એનું નામ અગ્રિમ હરોળમાં આવે છે. કલ્પતરૂ એમના એમ્પ્લોયીને અલગ અલગ ટ્રેનિંગ આપીને સતત અપગ્રેડ કરે છે. કલ્પતરૂ કંપની દ્વારા એમના મિડલ મેનેજમેન્ટ એમ્પ્લોયીને માટે લીન ફંડામેન્ટલ નામની ત્રણ દિવસની ફૂલ ટાઈમ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનિંગની શરૂઆત કલ્પતરૂ પ્લાન્ટના પ્રેસિડેન્ટ કુમારાદેવન શ્રીનિવાસન દ્વારા કરવામાં આવી હતી. આ ટ્રેનિંગ કંપનીના અને પોતાના ડેવલપમેન્ટ માટે ખૂબ મહત્ત્વની છે એમ તેમણે જણાવ્યું હતું. કલ્પતરૂ લીન ફંડામેન્ટલ ટ્રેનિંગમાં કે. ડી. ભાવસાર, શિતાંગ જોશી, આશિષ ડુંગરાણી, મનીષ પટેલ, મિતેશ પટેલ, સંજય થોરાત, હરેશ પ્રજાપતિ, નીતિન મુંગલા, સંદીપ કુમાર, નિર્મલ વહાક્રા, બિપીન પોકલ, વિજય ભૂત, વિનોદ કુમાર, યોગેશ બાન્તે, નિશાંત સોની, નિલેશ મોણપરા, કિંજલ દરજી, દીપલ ગજ્જર, નીતિન પ્રજાપતિ, રીપલ ભાટી, સતીષ મકવાણા, હેમ પટેલ સહિત કુલ ૩૫ જણાએ આ ટ્રેનિંગ લીધી હતી. કલ્પતરૂ દ્વારા આયોજિત આ લીન ફંડામેન્ટલ ટ્રેનિંગ આપવા વિષય નિષ્ણાત લીન ગેમ્બાના કુલદીપ ત્યાગી અને અમિત કુમાર ખાસ આવ્યા હતા. ત્રણ દિવસ સુધી વિવિધ ફન ગેમ અને એક્ટિવિટી સાથે સરળ ભાષામાં ઉદાહરણ સાથે આ મહત્વની ટ્રેનિંગ આપવામાં આવી હતી. ટ્રેનિંગના સમાપન પ્રસંગે પ્રેસિડેન્ટ કુમારાદેવન શ્રીનિવાસન અને વાઈસ પ્રેસિડેન્ટ પ્રવીણ કુમાર દ્વારા સૌને આ ટ્રેનિંગને પ્રેક્ટિકલ લાઈફમાં લાવવા માટે જણાવવામાં આવ્યું હતું. કલ્પતરૂ કંપની દ્વારા આ પ્રકારની ટ્રેનિંગ અવારનવાર આપવામાં આવે છે જે માટે કલ્પતરૂ કંપનીના એચઆર એડમિન પ્રેસિડેન્ટ એમ. એ. બારૈયાના માર્ગદર્શન હેઠળ અલગથી આખું ટ્રેનિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે.

## કેનેડાના વર્ક વિઝા-પીઆર નામે રૂ.૪૮ લાખની છેતરપિંડી

**દિલ્હી અને ગાંધીનગરના શખ્સે વિઝાના બોગસ સ્ટેમ્પ મારીને લાખો પડાવ્યા**

ગાંધીનગર, તા.૨૯

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા એક યુવક અને તેમના પરિવારજનો સાથે કેનેડાના વિઝાના નામે રૂ.૪૮ લાખની છેતરપિંડી થતા હોહા મચી જવા પામી છે.ગાંધીનગરના ઝોન સીઆઈડી ક્રાઈમે ગાંધીનગર સ્થિત એજન્ટની ઓફિસમાં દરોડો પાડતા બોગસ સ્ટેમ્પ મારેલા ૬ વિઝા મળી આવ્યા હતા. સીઆઈડીએ તપાસ કરતા આ કૌભાંડમાં ગાંધીનગર અને દિલ્હીના એજન્ટની પણ સામેલ હોવાનું સામે આવ્યું છે. આ મુદ્દે કેટલાક વધુ નાગરીકોના નામ સામે આવી શકે છે.

પ્રાપ્ત માહિતી મુજબ નરોડા કઠવાડા રોડ પર આવેલી શ્રીનાથ હાઈટ્સમાં રહી ઈલેક્ટ્રોનીકનો વેપાર કરે છે. ૩૩ વર્ષિય વિરલ બળદેવભાઈ પટેલના પરિવારમાં માતા-પિતા પત્ની અને દિકરી છે. ગત ફેબ્રુઆરી ૨૦૨૩માં શ્રીનાથ સોસાયટીમાં એક કાર્યક્રમ હતો. તે સમયે સોસાયટીમાં મિત્રો સાથે કેનેડા જવાની વિરલે ચર્ચા કરી હતી. તે સમયે મયુરભાઈ પટેલે જણાવ્યું હતું કે તેમની મિત્ર મહિનભાઈના પિતરાઈ ભાઈના મિત્ર પાર્થ દિપકકુમાર જાની નામના એજન્ટને ઓળખે છે.તે એજન્ટ કેનેડાના વર્ક પરમીટ વિઝા, એપોઈન્ટમેન્ટ લેટર અને પર્મેન્ટ રેસીડેન્સ પણ કરી આપે છે. જેથી વિરલે વર્ક પરમીટ વીઝા માટે ગાંધીનગરના કુડાસણ ઉગતી કોર્પોરેટ પાર્કના બીજા માળે આવેલી પાર્થ દિપકકુમાર જાનીની પેલિકન ઈમીગ્રેશન કન્સલન્ટન્સીની ઓફિસે મુલાકાત કરી હતી. જયાં કેનેડા વિઝાની વાત કરી વિરલ તેના બનેવી દર્શનભાઈ જયંતિભાઈ પટેલ (રહે સરઢવ) સહિત કુલ ૬ વ્યકિતના કેનેડાના વર્ક પરમીટ વિઝ આપવાનું તેમજ પીઆર કરાવી આપવાની લોભામણી લાલચ આપી હતી. ત્યારબાદ એક પરિવારના રૂ.૫૮ લાખ લેખે ૨ પરિવારના રૂ.૧.૧૬ કરોડ નક્કી થયા હતા. જયારે ટીકીટના રૂપીયા અલગથી આપવાના રહેશે તેવી વાત નક્કી થઈ હતી. જેથી વિરલે પોતાના સગા-સ્નેહીજનો પાસેથી રૂપીયા ઉછીના લઈ રૂ.૪૮લાખ એજન્ટ પાર્થ જાનીને ચુકવી દીધા હતા. પરંતુ વાયદા મુજબ કેનેડાના વિઝા નહી આવતા પૈસાની ઉઘરાણી શરુ કરી હતી. જેથી એજન્ટ પાર્થ જાનીએ પાસપોર્ટ કે પૈસા પરત આપ્યા ન હતા. રૂપીયાની કડક ઉઘરાણી થતા એજન્ટ પાર્થ જાનીએ કેનેડાના વર્ક પરમીટ વિઝા મંજુર થવાનું કહી વ્હોટસએપ ગત તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૩ની કેનેડાની ટીકીટ બુક કરી મોકલી આપી હતી.જે ટીકીટના બુકીંગ રેફરન્સની ઓનલાઈન તપાસ કરતા ટીકીટ ખોટી હોવાનું વિરલને જાણવા મળ્યું હતું. જયારે પાર્થ જાનીના મિત્ર પ્રકાશ પટેલે સામેથી ફોન કરી પાસપોર્ટ પરત જોઈતા હોય તો રૂ.૧૯ લાખની માંગ કરી હતી. જયારે વિરલ પટેલે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં અરજી કરી હતી. જેને પગલે સીઆઈટી ક્રાઈમની ટીમે પાર્થ જાનીને ડીટેઈન કરી લીધો હતો. જયારે તેની પેલિકન ઈમીગ્રેશનની ઓફિસમાં અને ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંથી વિરલ પટેલ તેમજ તેના બનેવી સહિતના ૬ વ્યકિતના કેનેડાના ખોટા વિઝાના સ્ટેમ્પ મારેલા પાસપોર્ટ મળી આવ્યા હતા. આ પાર્થની કડક પુછપરછ કરતા તેણે કબુલાત કરી હતી કે આ વિઝા ખોટા અને બનાવટી છે આ બનાવટી વિઝા તેણે વસંતનગર દિલ્હી ખાતે પોતાના મિત્ર અંશુમાન નેગી પાસે બનાવ્યા હતા. મળતી માહિતી મુજબ પાસપોર્ટ પર કેનેડાનો બનાવટી વિઝા સ્ટેમ્પ લગાવવા માટે દિલ્હીના નેગીને સાડા ચાર લાખ રૂપીયા ચુકવવામાં આવતા હતા. જયારે વર્ક પરમીટ અંગેની વિગત અને કંપનીનો લેટર પણ દિલ્હીના એજન્ટ અંશુમાન નેગી એડીટીંગ કરી તૈયાર કરતો હતો. જયારે કેનેડા પીઆરનો લેટર પણ બનાવટી હોવાનું ધ્યાને આવ્યું છે. પાર્થ જાની અને પ્રકાશ કનુભાઈ પટેલ તેમજ દિલ્હીના શખ્સ સાથે મળીને કેનેડાના બનાવટી વિઝા સ્ટેમ્પ લગાવી નાગરીકો પાસેથી પૈસા પડાવી વિશ્વાસ ઘાત અને છેતરપિંડી આચરતા ફરીયાદ નોંધાઈ છે.

## રાયસણ સત્વન બિલીવ્યુ સોસાયટીના ગેટ પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના રાયસણ સત્વન બિલીવ્યુ સ્વામીનારાયણ સ્કુલની સામે સોસાયટીન ગેટ નં-૨ પાસે પ્લેટીના પાર્ક કરી મુક્યું હતું.જયારે બીજા દિવસે પાર્ક કરેલી જગ્યા પર બાઈક લેવા જતા ન હતું. જેથી યુવકે સોસાયટીની અંદર તેમજ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પોલીસે રૂ.૨૦ હજારના પ્લેટીના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ કેયુલભાઈ દરશરથભાઈ પટેલ (રહે. મકાન નં.જી.૭૦૩ સત્વન બિલિવ્યું સ્વામીનારાયણ સ્કુલની સામે રાયસણ) પરિવાર સાથે રહું છું અને પેનીકસ ફર્નિચર નાના ચિલોડા અમદાવાદ ખાતે ખાનગી નોકરી કરુ છું. યુવકના નાના ભાઈ હિરલ માટે બજાજ પ્લેટીના નં. જી.જે.૦૨.સી.એન.-૩૦૪૭ છે. જયારે બાઈકની હાલની કિ.૨૦હજાર ગણી શકાય છે. ગત તા.૨૭ના રોજ સોસાયટીમાં બાંધકામ ચાલુ હોવાથી અમારુ બાઈક સોસાયટીના બે નંબરના ગેટ પાસે અંદર મુક્યું હતું. ત્યારબાદ ઘરે જઈ જમી પરવારી સુઈ ગયો હતો અને બીજા દિવસે સવારે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું જેથી યુવકે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હોવા છતા બાઈક મળી ન આવતા યુવકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોધાવી છે.

## ચીખલીગર ટોળકીના ત્રણ સભ્યો ઝડપાયા : ૧૪ ગુનાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા-શહેરમાં ભુંડ પકડવાના બહાને બંધ રહેણાંક મકાન, દુકાન-ઘરફોડ,વાહનચોરી સહિતના અનેક ગુનાઓને અંજામ આપનાર ચીખલીગર ટોળકીના પાંચ સભ્યો પૈકી ત્રણ શખ્સોને એલસીબી-૨ ની ટીમે પકડી પાડી છે. પોલીસે ગાંધીનગર અને મહેસાણામાં થયેલી ઘરફોડ-વાહનચોરીના ૧૪ ગુનાનો ભેદ ઉકેલાયો છે. જયારે વાહનચોરીને અંજામ આપી ટોળકીના સભ્યો તે જ વાહન લઈ જઈને ઘરફોડ ચોરીને અંજામ આપતા હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ એલસીબી પોલીસે વિવિધ ટીમો બનાવી વણ શોધાયેલ ગુના અને મોડસ ઓપરેન્ડીનો અભ્યાસ કરી કલોલ તાલુકાના ગામમાં ઈકો ગાડી અને બાઈક સહિત ઘરફોડ ચોરીનું પ્રમાણ ખુબ જ મોટી માત્રામાં વધી રહ્યું હતું. જેથી પોલીસે આ વિસ્તારમાં બાતમીદારોને એકટીવ કર્યા હતા.ત્યારે રાત્રી પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે સઈજ ગામના બસ સ્ટેન્ડ નજીક રોડ ઉફરથી શંકાસ્પદ લાલ કલરના બાઈક સાથે ત્રણ શખ્સોને કોર્ડન કરી પોકેટકોપ મોબાઈલમાં સર્ચ કરતા બાઈક ચોરી અંગે કલોલ તાલુકા પોલીસ મથકમાં ચોરીના ગુના નોંધાયેલ હોવાનું સામે આવ્યું હતું. જયારે પોલીસે ત્રણેયના નામ પુછતા હથીયારસિંગ ઉર્ફે નુરીસિંગ સતનામસિંગ લુહારીયા (ચીખલીગર, રહે કલોલ રેલ્વે પાછળ રામનગર બળીયાદેવ પાસે), દિલદારસિંગ તુફાનસિંગ બાવરી (ચીખલીગર રહે વડોદરા શહેર વારસીયા વીમા દવાખાનાની સામે જીંડવાડા), તેમજ રૂપસિંગ ઉર્ફે રૂપલો બચ્ચનસિંગ ભાદા (ચીખલીગર) (રહે અમદાવાદ શહેર સાબરમતિ મોટેરા રોડ સીટી ગોલ્ડ ડી માર્ટ ની સામે ભુંડવાળાના છાપરા )હોવાનું જણાવ્યું હતું. પોલીસે ઉંડાણપૂર્વક પુછપરછ કરતા હથીયારસિંગ અને તેના પિતા સતનામ સિંગ ચીખલીગર સાથે મળીને ઉકત બાઈકની છત્રાલ ના એક કોમ્પ્લેક્ષ આગળથી ચોરી કર્યાની કબુલાત કરી વધુમાં કબુલ્યુ હતું કે તેના પિતાને મુંબઈનો મિત્ર મળી ૧૪ ગુનાને અંજામ આપ્યો હતો.

## સિવિલમાંથી સ્પ્લેન્ડર બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તાત્કાલીક વોર્ડની સામે પાર્ક કરેલા બાઈકની ઉઠાંતરી થવા પામી છે. જયારે બાઈક ચોરી અંગે યુવકે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ ગાંધીનગર દહેગામના કડજોદરા ગામે મોટો વાસ ખાતે રહેતા યોગેશ બદસિંહ ઝાલા પરિવાર સાથે રહીને ખેતીકામ કરી જીવન નિર્વાહ કરે છે. યુવકના કૌટુંબીક ભાઈ કનુસિંહ ફતેસિંહ ઝાલા (રહે કડજોદરા ગામ) ની માલિકીનું વર્ષ ૨૦૨૨ ના મોડેલનું કાળા કલરનું સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.ક્યું.-૮૫૮૪ હતું. ગત તા.૨૨ ઓગસ્ટના રોજ યુવકના કૌટુંબીકભાઈ કનુસિંહ ફતેસિંહ ઝાલા બિમાર હોવારી હોસ્પિટલ ગાંધીનગર ખાતે સારવાર માટે એડમીટ કર્યા હતા. જેથી યુવક તેમના પિતરાઈ ભાઈનું બાઈક લઈ સિવિલ હોસ્પિટલ ખાતે આવ્યા હતા. બાઈક ઈમરજન્સી વોર્ડની સામે પાર્કિંગમાં પાર્ક કર્યુ હતું.રાત્રીના દશ વાગે બાઈક પાર્ક કરેલી જગ્યા એ જોતા બાઈક પાર્ક કરેલી જગ્યાએ જણાયું ન હતું. જયારે કૌટુંબીક ભાઈ સારવાર દરમિયાન મરણ પામતા સંબંધીના વાહનમાં બેસીને યુવક અંતિમક્રિયા માટે યુવક ઘરે જતો રહ્યો હતો. ત્યારબાદ આજરોજ બાઈકની શોધખોળ કરવા છતા બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે રૂ.૪૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## વલાદ ગામમાં મેડિકલ કેમ્પમાં મોતીયાના દર્દીના નિઃશુલ્ક ઓપરેશન

ગાંધીનગર,તા. ૨૯

આગાઉ યોજાયેલ ફ્રી મેડિકલ કેમ્પ વલાદ ગાંધીનગર જિલ્લામાં કુલ ૩૬ મોતિયાના પેશન્ટ હતા તેમાંથી સૌ પ્રથમ સાત જણને જીસીએસ હોસ્પિટલ નાં સહયોગ દ્વારા મોતિયાનું ઓપરેશન ફ્રી કરાવવાની વ્યવસ્થા કરી હતી બાકી રહેલા દર્દીઓ માટે વલાદ વિકાસ ફાઉન્ડેશન અને જીસીએસ હોસ્પિટલ ની આગળ ની કામગીરી ચાલુ છે. આજરોજ સાત જણા નું ફ્રી માં ઓપરેશન કરવામાં આવ્યું હતું. વલાદ વિકાસ ફાઉન્ડેશન ની સમગ્ર ટીમ ઉત્કુષ્ટ યોગદાન દ્વારા માનવ કલ્યાણ ના કાર્ય માટે વલાદ ગામમાં કાર્યરત છે







શ્રી એમ.એચ.વિદ્યામંદિર, ડભોડામાં હર્ષોલ્લાસ સાથે રક્ષાબંધન પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી. રક્ષાબંધનના પર્વના મહત્ત્વ વિશે કાજલબેન અને મેઘાવીબેન દ્વારા સુંદર માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી રક્ષાસૂત્ર બાંધવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'કુંતા બાંધે અભિમન્યુને બાંધે અમર રાખડી,ખમ્મા વીરાને જાઉં વારણે જેવા ગીતો દ્વારા પોતાની ઊર્મિઓ વ્યક્ત કરી હતી. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વ-નિર્માણ કરેલી રાખડીઓ નું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતાઅને રાખડીઓ બંધાવીને રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી.